૨૨૪ અદેય

# ગુજરાતના આદિવાસી લઘુવિસ્તારોનું
# આયોજન

ઠાકોરભાઈ નાયક

૨૨૪

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર પ્રકાશનમાળા પુ. ૨૩

# ગુજરાતના આદિવાસી લઘુવિસ્તારોનું આયોજન

ઠાકોરભાઈ નાયક

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

પ્રકાશક

વિનોદ રેવાશંકર ત્રિપાઠી

મંત્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ

ગૂજરાત વિદ્યાપીઠ

અમદાવાદ—૩૮૦ ૦૧૪

મુદ્રક

જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ

નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦ ૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ

પહેલી આવૃત્તિ, જુલાઈ ૧૯૮૭

પ્રત : ૫૦૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય, અમદાવાદ–૩૮૦ ૦૧૪

કિંમત : રૂપિયા ૭ જુલાઈ, ૧૯૮૭

# પ્રસ્તાવના

ગુજરાત રાજ્ય આદિજાતિ વિકાસ કમિશનરે ૧૯૮૫માં આદિવાસી સંશોધન અને તાલીમકેન્દ્રને આદિજાતિ વિસ્તારો સિવાયના લઘુ વિસ્તારો માટે સર્વેક્ષણ કરી આર્થિક આયોજન બનાવવાની કામગીરી સોંપી હતી.

લઘુ વિસ્તારો માટે સરકારે નીચેના માપદંડો ગણાવ્યા છે: (૧) લઘુ વિસ્તારની વસ્તી ૧૦,૦૦૦ની હોય અને તેમાં ૫૦ ટકા જેટલી વસ્તી અનુસૂચિત જનજાતિની હોય. (૨) આ વિસ્તાર કોઈ પણ તાલુકાનો એક સળંગ ભાગ હોવો જોઈએ. રાજ્યમાં આવા ૧૬ લઘુ વિસ્તારો છે. સરકારે રાજ્યના ૧૩ લઘુ વિસ્તારોનું સર્વેક્ષણ કરી સર્વેક્ષણના આધાર પર આયોજન આદિવાસી સંશોધનકેન્દ્ર તરફથી તૈયાર કરી આપવામાં આવ્યું છે. લઘુ વિસ્તારો સંબંધિત તાલુકાનાં અંગ છે. તેમાં આદિવાસીઓ અને બિનઆદિવાસીઓની વસ્તી એકસાથે હોય છે. એમના વિકાસ કાર્યક્રમો અત્યાર સુધી સામાન્ય વિકાસ કાર્યક્રમોની નાણાકીય ફાળવણીમાંથી થતા હતા. પરંતુ હવેથી રાજ્ય સરકારે લઘુ વિસ્તારના આદિવાસીઓ માટે અલગ નાણાકીય સહાય ફાળવણી કરવાનું વિચાર્યું છે. હવે લઘુસ્તરીય આયોજન ઉપર ઘણો ભાર મૂકવામાં આવે છે. બૃહદ સ્તરની પ્રક્રિયાઓ સમજવા માટે આવું પૂર્વઆયોજન અત્યંત જરૂરી છે.

લઘુ વિસ્તારનું આયોજન કરતી વખતે કઈ કઈ બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ તે અંગે શ્રી ઠાકોરભાઈ નાયકે એક વિસ્તૃત નોંધ તૈયાર કરી હતી. આ પુસ્તિકામાં તેને આવરી લેવામાં આવી છે. આ પુસ્તિકામાં વિસ્તારની પૃષ્ઠભૂમિથી માંડી જે તે વિસ્તારના લોકોની આર્થિક-સામાજિક, શૈક્ષણિક અને અન્ય માહિતી મેળવવા માટેની સઘળી બાબતોની ઊંડાણપૂર્વક છણાવટ કરવામાં આવી છે. પૂર્વઆયોજન કેમ કરવું તેની વિગતે ચર્ચા આ પુસ્તિકામાં કરવામાં આવી છે. આ પ્રકાશન સંશોધકો, આયોજકો, વિકાસનાં કાર્યો સાથે સંકળાયેલા અધિકારીઓ અને સમાજવિજ્ઞાનના વિદ્યાર્થીઓને લઘુસ્તરીય આયોજન કરવા માટે ઉપયોગી નીવડશે એવી આશા છે. ગુજરાતી ભાષામાં આવી ઉપયોગી નોંધ તૈયાર કરી આપવાનું ડૉ. ઠાકોરભાઈ નાયકનું આ કાર્ય પ્રશસ્ય છે એમ પહેલી નજરે જ સહુને પ્રતીત થશે.

તા. ૧૦–૬–'૮૭

ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ–૧૪

**રામલાલ પરીખ**
કુલનાયક

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | ભૂમિકા | ૧ |
| | પ્રકરણ | |
| ૧. | પ્રારંભ | ૨ |
| ૨. | પૃષ્ઠભૂમિ | ૫ |
| ૩. | લવિની સામાજિક સંરચના | ૭ |
| ૪. | લવિની અર્થવ્યવસ્થા | ૯ |
| ૫. | આયોજનના સિદ્ધાંતો અને હેતુઓ | ૧૧ |
| ૬. | આયોજન | ૧૫ |
| ૭. | તારણો | ૧૭ |


## ૧. ભૂમિકા

ગુજરાત રાજ્યના આદિવાસી લઘુવિસ્તારો (લવિ) (પૉકેટ્સ)-ના આયોજન માટે વિગતો એકત્રિત કરવામાં આવી છે. તેનું કોષ્ટીકરણનું કામ પૂરું થવા આવ્યું છે. એના ઉપરથી અહેવાલ લખવાનો છે. બધા લવિના અહેવાલોની રજૂઆતોમાં જો એક નિશ્ચિત અભિગમ અપનાવવામાં આવે તો એ અહેવાલોની તુલના કરવામાં તથા એ અહેવાલોને આવરી લેતો છેવટનો અહેવાલ તૈયાર કરવામાં સરળતા થાય. એ માટેનું એક પ્રારૂપ નીચે આપવામાં આવ્યું છે. એમાં પ્રકરણોનું એક નિયત માળખું આપવામાં આવ્યું છે. દરેક પ્રકરણમાં શું લખવું તેનો પણ ઉલ્લેખ કર્યો છે. ક્યાંક ક્યાંક આ ઉલ્લેખ વિસ્તારથી પણ કર્યો છે. વળી, ક્યા કોઠા ક્યાં મૂકી શકાય તે પણ જણાવાયું છે. આના કારણે લવિને લગતો આયોજનાત્મક અહેવાલ તૈયાર કરવાનું સહેલું થઈ પડશે. આદિવાસી લઘુવિસ્તારો સાથે સંકળાયેલા સંશોધકો-અભ્યાસીઓ આ પ્રારૂપનો ઉપયોગ કરે તે ઇચ્છનીય છે. એમાં પોતપોતાના આગવા કાર્યના સંદર્ભમાં ઘટિત ફેરફારો કરવાને અવકાશ પણ છે જ.

## ૨. લ. વિ. અહેવાલનું પ્રારૂપ

### પ્રકરણ ૧. પ્રારંભ

**૧.૧ લવિ એટલે શું ?** : આદિવાસીઓ માટે છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં કહેવામાં આવ્યું છે કે, "લવિ નક્કી કરવા માટે બે માપદંડ હોવા જોઈએ : એક, આવા વિસ્તારોની વસ્તી ૧૦,૦૦૦ની હોય અને એમાંથી ૫૦% જેટલી વસ્તી અનુસૂચિત જનજાતિઓની હોય. બીજું, આવા લવિ કોઈ પણ એક તાલુકાના સળંગ ભાગરૂપ હોવા જોઈએ."

**૧.૨ સર્વેક્ષણ સંશોધનનો વિષય શો હતો ?** : આવા લવિનું આયોજન કરી છઠ્ઠી યોજનામાં જ વિકાસ કાર્યક્રમો શરૂ કરી દેવાના હતા પણ ભારતનાં લગભગ બધાં જ રાજ્યોમાં આ નથી થયું, તેથી ગૃહમંત્રાલયની અને રાજ્યના આદિવાસી વિકાસ કમિશનરની અપેક્ષા છે કે સાતમી યોજનાના પ્રથમ વષમાં જ આ કામ કરી દેવું, જેથી યોજનાનો બાકીનો મોટા ભાગનો સમય એને કાર્યાન્વિત કરવામાં વાપરી શકાય. ગુજરાત રાજ્યના લવિનું આયોજન કરવાનું કામ આદિજાતિ વિકાસ કમિશનરશ્રીએ ગૂજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપ્યું છે. આ કામ કેન્દ્રસ્તરે ઘણી ટુકડીઓમાં વહેંચી દેવામાં આવ્યું છે. અમારે હિસ્સે........લવિનું સર્વેક્ષણા-ધારિત આયોજન આવ્યું છે. (પોતાના લવિનું નામ જણાવવું)

**૧.૩ સર્વેક્ષણ સંશોધનના હેતુઓ** : સોંપેલા લવિની વિગતવાર તપાસ કરવી, તેના આધારે લોકોની જરૂરિયાતો સમજી તથા તે તે સાથે સંકળાયેલી અન્ય વિગતો જોઈને, ત્યાંના અનુસૂચિત જનજાતિઓના વિકાસ માટે આયોજન કરવું.

**૧.૪ સંશોધનની પ્રવિધિઓ, પદ્ધતિઓ** : પ્રવિધિઓ-માં આવરી લેવાયેલાં કુટુંબ, ગામ તથા લવિ પ્રશ્નાવલીઓનો અને/



અથવા પ્રપત્રોનો ઉલ્લેખ કરવો. તેમની વિગતે ચર્ચા કરવી. મુલાકાતો અંગે જે તે પણ જણાવવું. તેને માટે ઉપયોગમાં લીધેલ **મુલાકાત માર્ગદર્શિકાનો** નિર્દેશ કરવો. મુલાકાતો કોની કોની લીધી તે પણ જણાવવું. **નિરીક્ષણ** અને **સહભાગી નિરીક્ષણના** ઉપયોગ અંગે યોગ્ય કહેવું. તેનાં ઉદાહરણો આપવાં. **ક્ષેત્રકાર્ય** રસ લઈને કઈ રીતે કર્યું છે તે પણ સ્પષ્ટતયા બતાવવું. ક્ષેત્રકાર્ય દરમિયાન અનુકૂળ-પ્રતિકૂળ કેવા કેવા અનુભવોમાંથી પસાર થયા તે પણ જણાવવું અને સરવાળે એની કેવી ફળશ્રુતિ રહી તે કહેવું.

ગ્રંથાલય પદ્ધતિ જેવી કોઈ અલગ સંશોધન પદ્ધતિ નથી. ગ્રંથાલય એ તો સંશોધન માટેનો દ્વૈતીયિક સ્રોત છે. એનો ઉપયોગ તમે કર્યો હોય તો તે અંગે વિગતે લખવું.

ઉપર્યુક્ત પ્રવિધિઓ દ્વારા એકત્રિત કરેલી માહિતીને કોઈ એક અભિગમ પ્રમાણે જીવન અને સમાજદર્શનને અનુરૂપ આવે એ રીતે ગોઠવી તેમાંથી સમુચિત અર્થ તારવવાની રીતનો આપણે પદ્ધતિમાં સમાવેશ કરીએ છીએ. આપણે વર્તમાન સર્વેક્ષણ માટે સંરચનાત્મક, પ્રકાર્યાત્મક અને સર્વગ્રાહી અભિગમો અપનાવીએ છીએ. એમાં થોડો ઐતિહાસિક અભિગમનો પુટ પણ છે. વળી, આ સર્વેક્ષણ આયોજન માટે છે તે પણ બતાવવું.

**૧.૫ નિદર્શ કેવી રીતે નક્કી કર્યો ?** : ગામોની પસંદગી, કુટુંબોની પસંદગી કેવી રીતે કરી તે લખવું. નિદર્શ બધાં ગામોનું પ્રતિનિધિત્વ ધરાવે છે કે કેમ તે બતાવવું.

**૧.૬ કોષ્ટીકરણ** : એનું માળખું જણાવવું. એમાંથી નીકળતા નાના નાના કોઠાઓ પણ તૈયાર થતા હોય તો તે વિશે લખવું. (કોઠાઓની સૂચિત યાદી પરિશિષ્ટમાં આપી છે).

**૧.૭ પ્રકરણીકરણ** : અહેવાલને અહીં બતાવ્યા પ્રમાણે-નાં પ્રકરણોમાં હેતુપૂર્વક બાંધ્યો છે તે બતાવી દરેક પ્રકરણમાં શું છે તે લખવું.

**૧.૮ તારણો અને સુઝાવો** : કેવી રીતે મેળવ્યાં? સર્વેક્ષણની વિગતોમાં અને તારણોમાં સત્યતા અને વિશ્વસનીયતા કેવી છે તે દલીલો આપી કહેવું.

**૧.૯ આભાર** : જેણે જેણે મદદ અને માર્ગદર્શન આપ્યાં હોય તેમનું આભારદર્શન.



## પ્રકરણ ૨. પૃષ્ઠભૂમિ

**૨.૧ લવિનો ઇતિહાસ** : જૂનો અને હાલનો ઇતિહાસ. એનો આજની વ્યવસ્થા સાથે સંબંધ જોડવો જોઈએ, તો જ એ કામનું. (દા. ત. વડેલીમાં ગાયકવાડે કૂવો બંધાવ્યો છે. એટલે અનુસૂચિત જનજાતિઓને વિકાસની થોડી ખબર છે. અટગામમાં સો વર્ષ કરતાંય જૂની નિશાળ છે પણ એનો સ્પર્શ પણ ત્યાંના હળપતિઓને નથી થયો. ઇતિહાસ ક્યાં અસર કરે છે અને ક્યાં નથી કરતો એ સમજવા જેવું છે).

૨.૨.૧ **લવિની ભૂગોળ** : ક્યાં છે? (ગુજરાતમાં કયો જિલ્લો, કયો તાલુકો?) ચાર દિશાએ શું આવેલું છે? લવિનું મુખ્ય ગામ, તેનું રાજ્ય, જિલ્લા, તાલુકા મુખ્ય મથકથી અંતર. તાલુકા, જિલ્લાનું મુખ્ય મથક. તેનું જિલ્લા/રાજ્ય મુખ્ય મથકથી અંતર. આ બધાંને જોડતા રેલવે તથા જમીનમાર્ગો.

૨.૨.૨ **નદીઓ** : કઈ કઈ છે? લંબાઈ? ક્યાંથી ક્યાં વહે છે? ખાડી, નાળાં, તળાવની વિગતો આપવી. એમાં નહેર, બંધ હોય તો જરૂર કહેવું. એમાં શું મળે છે? માછલી, શિંગોડાં, કમળફૂલ, કમળડંડી, રેતી, ઘાસ, વીજળી? (દા. ત રહેજ લવિમાં અજરાઈના તળાવમાં કમળ ખૂબ થાય છે. વડેલીની નદીમાં રેતી છે.) (આ કહેવડાવવામાં ધ્યાન આ વિસ્તારના લોકો-ના વિકાસમાં તેનો ઉપયોગ થઈ શકે છે કે નહીં તે ઉપર છે.)

૨.૨.૩ **આબોહવા** : ઠંડી, ગરમી, વરસાદ ક્યારે કેટલો? એની લોકો પર અસર, આડકતરી રીતે હોશિયારીથી બતાવવી. (દા. ત. અટગામ લવિમાં ૭૦" જેટલો વરસાદ પડે છે. કોઈક વાર ઘણો વધારે. આવા દિવસોમાં હળપતિ ભાઈઓ-બાઈઓને ઘેર બેસી રહેવું પડે છે, ક્વચિત મજૂરી મળે, કેટલાક માછલાં મારવા જાય છે.)

૨.૨.૪ **વૃક્ષો-વનસ્પતિ** : પ્રદેશમાં કયાં જંગલો છે? એનો વિસ્તાર? એમાં કયાં વૃક્ષો-વનસ્પતિ થાય છે? એ ના હોય તો જંગલ-વિસ્તાર કેટલો દૂર છે? (ભાટપુર લવિમાં જંગલમાં ખાખરાનાં ઝાડ છે. તેના પાન લાવીને આદિવાસીઓ પડિયા-પતરાળાં બનાવે છે. વડેલીમાં તાડ છે. તેનાં પાંદડાંમાંથી સાદડી તથા ખાટલાનાં વાણ બનાવાય છે.) જંગલમાંથી બીજું શું મળે છે? ગુંદર, મધ, ઘાસ, જડીબુટ્ટી? જંગલ હોય પણ ઝાડ એક પણ ન હોય તો તે ખાસ કહેવું. (દા. ત. મોરામાં એવું જ છે.) જંગલ ન હોય તો લવિમાં કયાં કયાં વૃક્ષો-વનસ્પતિ થાય છે? લીમડો, પીપળો, સીમળો, બાવળ, આંબા, મહુડો ઇત્યાદિ. આદિવાસીઓને ઝાડનો શોખ છે? (ભાટપુરમાં લોકોને વાંસ ઉગાડવાનો શોખ છે.) નજીવી જણાતી વનસ્પતિનો ઉલ્લેખ કરવો. દા. ત. ભોંયરીંગણી, કુંવાડિયો, થુવર, કાચકો, રતનજોત ઇત્યાદિ. નવાં વૃક્ષો જોયાં છે? સુબાબુલ, નીલગીરી, સરુ શ્રીફળનાં વૃક્ષો ઉગાડેલાં જોયાં હોય તો લખવું જરૂરી છે. ઘાસનો ઉલ્લેખ કરવો.

૨.૨.૫ **પશુપંખી** : નાનાંમોટાં, નવાજૂનાં લખવાં, ઊંટ, ગધેડાં, મરઘાં, બતકાં, ડુક્કર વગેરેનો ઉલ્લેખ (હોય તો) થવો જોઈએ. (જે તે વિસ્તારના આદિવાસીઓને ધ્યાનમાં રાખીને લખવાનું છે.)

૨.૨.૬ **બીજાં સંસાધનો** : લવિમાં/ની પાસ ખનિજ પદાર્થો છે? (રહેજમાં ચીનાઈ માટી 'ખડી', મોરામાં પથ્થર, વડેલી/અટગામમાં રેતી મળે છે.) ખનિજના ઉપયોગથી આજુબાજુ કોઈ કામ ચાલે છે? (રહેજની ખડીથી બીલીમોરામાં મેંગલોરી નળિયાં બનાવાય છે.)

આજુબાજુ મોટાં ગામો/કસ્બાઓ/શહેરો કયાં છે? ત્યાં નાનામોટા ઉદ્યોગો કયા છે? (અટગામમાં, વાપીમાં બૃહદ્ ઔદ્યોગિક વસાહત છે. ગણેશ સીસોદ્રા પાસે ટાટાનું એડ્વાન્સ મિલનું લોખંડનું કારખાનું છે. નવસારીમાં અનેક નાનામોટા ઉદ્યોગો, કાપડની મિલો છે ઇત્યાદિ.)



## પ્રકરણ ૩. લવિની સામાજિક સંરચના

૩.૧ **વસ્તી** : કુલ વસ્તી કેટલી છે? એનું જાતિ, અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિવાર વિભાગીકરણ. સ્ત્રી, પુરુષ, બાળકો કેટલાં? અહીં અનુસૂચિત જનજાતિની વસ્તી કેટલી? દરેકની વસ્તી? દરેક ગામમાં અનુસૂચિત જનજાતિની વસ્તી, કુલ આદિવાસી વસ્તીમાં સ્ત્રી, પુરુષ, બાળકોની વસ્તી. કામ કરનાર કેટલાં છે? નિશાળે જઈ શકે એવાં બાળકો કેટલાં? એમાં કુમાર-કન્યા કેટલાં? વૃદ્ધજન કેટલાં? અનુસૂચિત જનજાતિની વસ્તી કેટલા પ્રમાણમાં વસે છે તે નોંધવું. કુટુંબો કેટલાં છે? કુટુંબદીઠ જનસંખ્યા?

૩.૨.૧ **લવિનાં પ્રજાતીય તત્ત્વો** : જે જાતિઓ, જ્ઞાતિઓ હોય તેનું ટૂંકું પણ આપણા પ્રશ્નને સમજવા માટે બહુ ઉપયોગી એવું વર્ણન. (દા.ત. અટગામ લવિમાં અનાવિલો છે. તેઓ જમીનધારકતામાં સૌથી આગળ પડતા છે. ખેતી જાતે ન કરે પણ માત્ર પોતાની દેખરેખ હેઠળ કરાવે એટલે કે મજૂરી પર તેઓ આધારિત છે. વાંકડા આદિનો રિવાજ છે એટલે વધુ અર્થપ્રાપ્તિ એક જીવનમૂલ્ય છે ઇત્યાદિ. એવી જ રીતે લેઉવા પાટીદારો, કણબીઓ, રજપૂતો, મુસલમાનો પર લખવું. અનુસૂચિત જાતિઓ હોય તો તેના પર પણ લખવું.) આમાં જમીનધારકતા, મિલકત, સંસાધનો પર અધિકાર ઇ. જણાવવું. વ્યવસાયો લખવા.

લોકોના આંતરજ્ઞાતીય સંબંધો વિશે વિગતો આપવી. સ્તરીકરણ, કોટીક્રમ જણાવવા. અહીંની અનુસૂચિત જનજાતિ પર વિસ્તૃત નોંધ લખવી. જમીનધારકતા, દૈનિક જીવન વર્ણવવાં, બીજી જ્ઞાતિઓ સાથે સંબંધો બતાવવા.

૩.૨.૨ બધી જાતિઓના તહેવારો, મેળાઓ, ઉત્સવો, ધાર્મિક માન્યતાઓ વિશે લખવું.

૩.૩.૩ આદિવાસી સ્ત્રી. દરજ્જો. એની સામાજિક, ધાર્મિક ભૂમિકા.

૩.૪.૧ ગ્રામપંચાયત (જૂની) (આદિવાસીઓની જાતિ પંચાયત વિશે વિશેષ લખવાનું છે.) તેનાં સંરચના-પ્રકાર્યો.

૩.૪.૨ આદિવાસીઓમાં આગેવાનો શું કરે છે? (રાજકીય, ધાર્મિક, વયોવૃદ્ધ 'ડાયા'ઓ વિશે લખવું.) બીજી જ્ઞાતિના આગેવાનો પણ એમને પ્રભાવિત કરી શકતા હશે. કોણ કેવી રીતે તે જાણવું.

તાલુકા અને જિલ્લાના આગેવાનો, ધારાસભ્યો ઇત્યાદિની ભૂમિકા, તેમના પ્રભાવ વર્ણવવા.

૩.૫.૧ **સમાજસેવી સ્વૈચ્છિક સંસ્થાઓ** : તેમનો પરિચય, કાર્યાદિ. આદિવાસી વિકાસમાં તેમનો ફાળો.

૩.૫.૨ **સહકારી મંડળીઓ** : આદિવાસી સભ્ય કેટલા? કામગીરી દર્શાવવી, આદિવાસી વિકાસમાં ફાળો.

૩.૫.૩ **સંગઠનો** : મજૂર તથા ખેડૂત મંડળો, જ્ઞાતિ મંડળો, ભજન મંડળો.

૩.૫.૪ **નિશાળો, આશ્રમશાળાઓ** : છાત્રાલયો, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, મહાવિદ્યાલયો, તાંત્રિક શિક્ષણ સંસ્થાઓ. એમાં આદિવાસીઓનો શિક્ષણાર્થી તરીકે ફાળો? કન્યાશિક્ષણ? (કોઠો : ૧૩)



## પ્રકરણ ૪. લવિની અર્થવ્યવસ્થા

૪.૧ ત્યાંના આદિવાસીઓની ભૌતિક સંસ્કૃતિ. ઘરની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ. શાનાં બનેલાં છે? છાજ શાનું છે? કાચાં કેટલાં તે જણાવવું. ઘર કેમ બનાવે છે? કોણ બનાવે છે? કેટલો ખર્ચ આવે?

૪.૨ **ઘરનો સરસામાન** : પહેરવાઓઢવાનાં — બાળ, સ્ત્રી, પુરુષનાં કપડાં. ક્યાંથી લાવે? કોણ સીવે? ઘરેણાં, અંગોનાં ક્રમિક નામો સાથે, સ્ત્રી-પુરુષ, બાળકોનાં લખવાં. ખાવાનું શું? કેટલીવાર ખાય? કોણ બનાવે? તહેવારનું ખાવાનું? પીણાં ક્યાં? વ્યસનો છે? ક્યાં? ભોજનમાં કેટલી કૅલરી મળતી હશે? ખેતીનાં સાધનો, ઉપયોગ સાથે લખવાં. શેનાં બનેલાં? કોણ બનાવે? કેટલાં? માછીમારીનાં, શિકારનાં, નાચગાનનાં સાધનો જણાવવાં. અનાજ ભરવાનાં, દળવાનાં, ખાંડવાનાં વગેરે પણ જણાવવાં. એ સાધનો પૂરતાં છે કે નહીં તે પણ ખાસ બતાવવું. (ક્રમાનુસાર વાત લખવી. ઉપવિષયમાં પણ ક્રમ આવવો જોઈએ. દા. ત. માથાથી શરૂ કરી કાન, ગળું, બાજુ, હાથ, તેનાં આંગળાં, કેડ — એ રીતે ક્રમશઃ પગની આંગળીઓ સુધીનાં ઘરેણાંની વિગતો પૂરી પાડવી. ખાવાની વાત લખો તો સવારથી શરૂ કરી ક્રમે ક્રમે રાત સુધીની જણાવવી. (કોઈ સરસામાન ગણવાનો રહી ન જાય.) કુલ માલમિલકત. (કોઠા ૪થી ૮, ૧૪થી ૨૦)

૪.૩.૧ **ધંધાઓ** : બધા આપવા, નાનામોટા, નજીવા-નિમ્મર, કોઈ છોડવા નહીં. દા. ત. કામરેજમાં થોડા હળપતિઓ જરીનું કામ કરતા થયા છે. આ અવશ્ય લખવું. અટગામમાં હળપતિઓ મુંબઈ ઈંટ પાડવા જાય છે તે કહેવું જ.) જમીન કેટલી? કુટુંબ/જાતિવાર? (કોઠા ૨, ૩, ૧૨)

૪.૩.૧.૧ ખેતીની પ્રવિધિ, બળદનો ઉપયોગ, સાધનોની

માલિકી? સિંચાઈ છે?

૪.૩.૧.૨ માછીમારીની પ્રવિધિ. જંગલ પેદાશોમાંથી આવક થાય? ઉત્પાદનની રીતો.

૪.૩.૧.૩ તેવી જ રીતે નવા ધંધાઓની પ્રવિધિઓ વિશે લખવું.

૪.૩.૨ તે પ્રમાણે વસ્તી, કુટુંબો, કામ કરનાર વયજૂથ. (કોઠા ૧, ૯, ૧૦, ૧૧, ૧૨) વગેરે વિશે લખવું.

૪. ૪. ૧ **આવક, ખર્ચ, દેવું**: આ વિગતે આપવાં. પણ આમાં કુટુંબદીઠ વાર્ષિક અને માસિક આવકો આપવી. વધુ પિષ્ટપેષણ ન કરવું. (કુટુંબદીઠ વાર્ષિક, માથાદીઠ વાર્ષિક, કુટુંબદીઠ માસિક, કુટુંબદીઠ દૈનિક અને માથાદીઠ દૈનિક: આવાં લાંબાંલચ, નિરર્થક લખાણો ન કરવાં) કુટુંબના સભ્યોની સંખ્યા જાણતા હોઈએ (જે યોગ્ય સ્થળે જણાવવી જોઈએ.) તો બધું નીકળી શકે. ખર્ચનું પણ તેમ જ. શેમાં ખર્ચ થાય તે જણાવવું (કોઠા ૨૧થી ૨૬)

૪. ૪. ૨ ગરીબીરેખા નીચે કેટલાં કુટુંબો છે? એમના વિશે વિગતે લખવું. એકાદ એકમનો અભ્યાસ આપવો.

૪. ૫. ૧ વાર્ષિક કાર્યચક્ર, શ્રમવિભાજન (સ્ત્રી, પુરુષ, બાળકોમાં).

૪. ૫. ૨ શ્રમસંગઠન: લવિમાં મજૂરોની પ્રાપ્તિ, તેમને મળતું કામ, તેના દિવસો, મજૂરીના દર, ચાકર, હાળી, રોજિંદા મજૂરો વિશે અહીં લખવું.

૪. ૬. ૧ વેચાણ, ખરીદવ્યવસ્થા, વસ્તુઓના ભાવ.

૪. ૬. ૨ ધિરાણપ્રાપ્તિ, શાહુકારો, મંડળીઓ.

૪. ૭. આર્થિક સ્તરીકરણ, તણાવો, લડાઈ, ઝઘડા, ખૂન.



## પ્રકરણ ૫. આયોજનના સિદ્ધાંતો અને હેતુઓ

લવિ આયોજન માટે આપણે જે સિદ્ધાંતોને લક્ષમાં લઈએ છીએ તે આપણને આત્મસાત્ થઈ જવા જોઈએ. એ સિદ્ધાંતો બધા જ આદિવાસી વિસ્તારો અને આદિવાસી જાતિઓના વિકાસ-આયોજનને લાગુ પડે છે. સિદ્ધાંતો આત્મસાત્ થઈ જાય તો આયોજન કરવું સરળ થઈ પડે છે. એ સિદ્ધાંતોને આપણે અહેવાલમાં પણ સ્પષ્ટ રૂપે લખી દેવા જોઈએ, જેથી કાર્યાન્વિત કરનારને તથા આયોજનને અનુમોદન આપનારને અભિગમની ખબર પડે અને તેનું કામ સહેલું થઈ જાય.

મુખ્ય મુખ્ય સિદ્ધાંતો નીચે મુજબ છે:

૫. ૧. ૧ લવિમાં વિકાસ માટે અત્યાર સુધી શું કરવામાં આવ્યું છે? તેનું મૂલ્યાંકન કરી તેના આધારે આયોજન કરવું. એવું લાગે કે આ વિસ્તારો પર વધુ ધ્યાન નથી અપાયું. (દા. ત. મોરામાં ઘણાંઓછાં કુટુંબોને વિકાસ યોજનાઓનો લાભ મળ્યો છે. વડેલીમાં કેટલાંક ઘરો ત્રણ વરસથી બંધાયેલાં પડ્યાં છે, કોઈને અપાયાં નથી.) કેટલીક જગ્યાએ વિકાસ યોજના જ લોકો લેવા નથી માગતા કારણ કે એમને એવું લાગે છે કે એમાં લાગેલા પૈસા વ્યાજ સાથે વસૂલ કરવામાં આવશે. અટગામ લવિમાં જમીનસુધારણાના હપતા આદિવાસીઓને ચાર વર્ષ પછી અત્યારે ભરવાના આવ્યા છે. એમને તો યાદ પણ નથી કે શું કામ થયું હતું? થયું હોય તો કેટલા રૂપિયાનું? આને લઈને એ લોકો હવે કોઈ પણ વિકાસ યોજના જ લેવા માગતા નથી. ક્યાંક કાર્યક્રમ એકદમ અર્થહીન હોય. દા. ત. જ્યાંથી આદિવાસી સ્થળાંતર કરતા હોય ત્યાં ભેંસો અપાઈ હોય તો તેનો અર્થ શો? (કોઠા ૨૭થી ૩૩).

૫. ૧. ૨ લોકોની આવશ્યકતાઓ અને આકાંક્ષાઓને ધ્યાનમાં લેવાં જોઈએ. રાજ્ય અને દેશની અગ્રિમતાઓને પ્રથમ સ્થાન આપવાનું છે.) (કોઠા ૩૪થી ૪૨).

૫. ૧. ૩ ત્યાંના લોકોના સામાજિક, આર્થિક ગૂંફન, લોકોનો વ્યવસાય, કુશળતાઓ, વલણો, આર્થિક સ્તર, સંસ્કૃતિ, શિક્ષણ અને નવા આચાર અપનાવવાની આતુરતાને લક્ષમાં લીધા સિવાય આયોજન સારું થતું નથી. જે તે વિસ્તારના પરિવેશની વિકાસ ક્ષમતાઓનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ, જેથી લોકોનાં રોજગારી અને આવક વધે. નબળા અને નકામા થયેલા પરિવેશને નવસાધ્ય કરી ઉત્પાદક બનાવવો જોઈએ. (દા. ત. મોરાનાં જંગલો, કામરેજમાં ખેતરો, રહેજનાં તળાવોમાં ઘણો નવસુધાર થઈ શકે.)

૫. ૧. ૫ વિસ્તારના લોકોની લઘુતમ આવશ્યકતાઓની પૂર્તિ થવી જ જોઈએ. રોજી-રોટી અને મકાન, પીવાનું પાણી, સ્વાસ્થ્ય અને તેને માટેની સેવાઓ, શિક્ષણ (ખાસ કરીને સ્ત્રીઓમાં) અને રોજિંદી જરૂરિયાતોનો પુરવઠો આટલાં મળવાં જોઈએ.

૫. ૧. ૬ આની પૂર્તિ માટે પાયાની જરૂરી સામાજિક, આર્થિક સંસ્થાઓની રચના (અથવા વર્તમાન સંસ્થાઓની પુનર્રચના) થવી જોઈએ.

૫. ૧. ૭ જે ગરીબમાં ગરીબ છે તેના વિકાસને અગ્રિમતા મળવી જોઈએ. રહેજ અટગામના બેકાર હળપતિઓ, તેમનાં રખડતાં બાળકો, મોરાના સ્થળાંતરિત આદિવાસીઓ, ભાટપુરની સ્ત્રીઓ, નાયકડા: વગેરે માટે આપણા આયોજનમાં પ્રથમ સ્થાન હોવું જોઈએ.

૫. ૧. ૮ શોષણની વ્યવસ્થા બંધ થવી જોઈએ.

૫. ૧. ૯ આદિવાસીઓની સહભાગિતાથી જ આયોજન



સફળ થશે. પહેલેથી છેલ્લે સુધી એમને જ મોખરે રાખવા જરૂરી છે.

૫. ૧. ૧૦ આથી એમને સંગઠિત કરવા જરૂરી છે. એમની સ્થાનિક સંસ્થાઓને પણ પગભર કરવી જોઈએ.

૫. ૧. ૧૧ આયોજનમાં વિભાગાન્તર્ગત અને આંતરવિભાગીય અગ્રિમતાઓ હોવી જોઈએ. (દા. ત. રોજગારી લવિ બહાર અને લવિની અંદરમાં અગ્રિમતા નક્કી કરવી. ખેતી વિરુદ્ધ ઉદ્યોગમાં અગ્રિમતા કોને?)

૫. ૧. ૧૨ લાંબાગાળાની મદદ હોવી જોઈએ. એક વખત મદદ કરી હોય અને થોડો વખત આવક વધે તેના કરતાં હંમેશને માટે ગરીબીને દૂર કરી દેવાય તેવો અભિગમ વધુ શ્રેયસ્કર છે. એ બે વચ્ચેનો ભેદ સમજી લેવો જરૂરી છે. આયોજનના કાર્યક્રમો પણ તે પ્રમાણે ગોઠવવા જોઈએ.

૫. ૧. ૧૩ લોકોમાં સ્વાયત્તતા આવે તથા ધિરેલાં નાણાં પાછાં આપવાનાં ઇચ્છા અને સામર્થ્ય આવે એ જરૂરી છે. આયોજનને લઈને લોકોમાં ઉત્પાદક અસ્કયામતો ઊભી થવી જોઈએ.

૫. ૧. ૧૪ લવિ આયોજન રાષ્ટ્ર, રાજ્ય અને પ્રાયોજના વિસ્તાર આયોજનનો એક અભિન્ન ભાગ હોવો જોઈએ.

૫. ૧. ૧૫ પંચવર્ષીય યોજનામાં જે ધનરાશિ પ્રાપ્ત થાય છે તેના સંદર્ભમાં જ આયોજન થવું જરૂરી છે.

૫. ૧. ૧૬ આયોજનના અવરોધો શોધી તેમને અટકાવવા છે.

૫. ૧. ૧૭ આયોજનની સાથે સાથે સંશોધન અને મૂલ્યાંકન પણ ચાલવાં જોઈએ.

૫. ૨ **હેતુઓ** :

ઉપરના સિદ્ધાંતોમાંથી લવિ આયોજનના હેતુઓ

સ્પષ્ટ થાય છે :

૫. ૨. ૧ લોકોના જીવનની ગુણવત્તા વધારવા માટે આયોજન છે. માત્ર આર્થિક વિકાસ જ નહીં પણ તેમનાં સાંસ્કૃતિક અને સામાજિક પાસાંઓ ઝળકી ઊઠે અને તેમની પ્રત્યેક વ્યક્તિનું અંતર વિકસિત થાય, તે નિરલસ અને કાર્ય માટે ઉદ્યત બને અને બધા સાથે યુક્ત થાય.

૫. ૨. ૨. કમમાં કમ ૫૦ ટકા પરિવારો ગરીબીની રેખા ઉપર લાવવાના છે.

૫. ૨. ૩ પાયાની સવલતો એમને પહોંચાડવાની છે.

૫. ૨. ૪. સ્ત્રીશિક્ષણ વધારવાનું છે. (સામાન્ય પ્રજાનું શિક્ષણ વધશે તો જ એ વધશે.) પ્રૌઢશિક્ષણ શરૂ કરી પ્રૌઢોને લખતાંવાંચતાં, નવું સમજતાં શીખવવાનું છે વગેરે.



## પ્રકરણ ૬. આયોજન

ઉપર જણાવેલા સિદ્ધાંતોના આધાર અને હેતુઓને બર લાવવાને માટે આયોજન કરવાનું છે. અલગ અલગ સેક્ટર લઈ કાર્યક્રમો બનાવી શકાય. કમમાં કમ ૫૦ ટકા પરિવારો ગરીબીની રેખા ઉપર હમેશને માટે જવા જોઈએ. પંચવર્ષીય યોજના છે એટલે પાંચ વર્ષના અને પ્રત્યેક વર્ષના લક્ષ્યાંકો વ્યક્તિઓ માટે અને નાણાં માટે નક્કી કરવા જોઈએ. પહેલાં બે વર્ષમાં લક્ષ્યાંકો ઓછા રાખવા, પછીથી ક્રમશઃ વધારતા જવા અથવા ત્રણેય વર્ષમાં સરખા રાખો તોય ચાલશે.

૬. ૧ લઘુતમ આવશ્યકતાઓની પૂર્તિ માટેના કાર્યક્રમો બનાવો. કૂવા? વીજળી? ઘર? દવાદારૂ? સાફસફાઈ? કેટલાં? શો ખર્ચ? (પાંચ વર્ષનો, એક વર્ષનો)

૬. ૨. ૧ આર્થિક કાર્યક્રમો

૬. ૨. ૨ લોકોની કુશળતા વધારવાના કાર્યક્રમો

૬. ૨. ૩ ધિરાણ વ્યવસ્થાના કાર્યક્રમો

૬. ૨. ૪ ખેતીના કાર્યક્રમો

૬. ૨. ૫ બીજા કાર્યક્રમો

૬. ૩ સામાજિક, શૈક્ષણિક કાર્યક્રમો : પ્રત્યેક પાંચ વર્ષનો, એક એક વર્ષનો, ખર્ચ કેટલો તથા કોને કેટલો લાભ મળશે તે બતાવવું.

૬. ૪ સાંસ્કૃતિક આયોજન

૬. ૫ સંસ્થાઓની નવરચના, પુનર્રચના, લોકોનું જાગૃતિકરણ, તેમની સહભાગિતા : આ સૌ માટેના કાર્યક્રમો લઈ લક્ષ્યાંક, ખર્ચ, લાભિતોની સંખ્યા.

૬. ૬ પરિવેશ-નવસાધ્યતાના કાર્યક્રમો, લક્ષ્યાંક, ખર્ચ, લાભિ-

તેની સંખ્યા.

૬. ૭ પાયાની સ્થાનિક સવલતોનું દ્રઢીકરણ. તેમનો આદિવાસી સુધી પ્રસાર, લક્ષ્યાંક, ખર્ચ, લાભિતો.

૬. ૮ વહીવટી માળખા માટે સુઝાવો.

૬. ૮. ૧ એક અથવા બે લવિદીઠ એક યોગ્ય અધિકારી રાખવો.

૬. ૮. ૨ બધા વિભાગોનું એકત્રીકરણ તાલુકા વિકાસ અધિકારી કરે.

૬. ૮. ૩ લવિની વસ્તીના પ્રમાણમાં વિકાસખર્ચની જોગવાઈ હોવી જોઈએ.

૬. ૮. ૪ સંશોધન અને મૂલ્યાંકન-આયોજનનું કાર્યાન્વયન સાથે ચાલે.

૬. ૮. ૫ રાષ્ટ્રની, રાજ્યની યોજનાઓ સાથે સંધાણ.



## પ્રકરણ ૭. તારણો

પરિશિષ્ટો :

૫. ૧ લવિનાં ગામોની યાદી, એમાં અનુસૂચિત જનજાતિની વસ્તી બતાવવી.

૫. ૨ ત્રણેય પ્રશ્નાવલી (પ્રપત્ર)

૫. ૩ ક્ષેત્ર ડાયરીનાં પાનાં/અનુભવકથાઓ

૫. ૪ મુલાકાત લીધેલ વ્યક્તિઓનાં નામ-ઠામ-કામ

૫. ૫ સંદર્ભસૂચિ

૫. ૬ કોઠાની સૂચિ.

### કોઠાની સૂચિ

| ક્રમ | શીર્ષક |
|---|---|
| ૧. | વસ્તી, સ્ત્રી, પુરુષ, બાળકો |
| ૨–૩ | ધંધા : મુખ્ય અને ગૌણ |
| ૪–૫–૬ | મકાનની સંખ્યા, ક્ષેત્રફળ, દીવાલ, છાપરાંના પ્રકાર |
| ૭. | મકાનની જમીનની માલિકી કોની છે? |
| ૮. | પશુ માટેની છાપરી |
| ૯. | વયજૂથ પ્રમાણે વર્ગીકરણ |
| ૧૦. | વૈવાહિક દરજ્જો |
| ૧૧. | કમાનાર, નહીં કમાનાર |
| ૧૨. | ધંધા પ્રમાણે વર્ગીકરણ |
| ૧૩. | શિક્ષણ |
| ૧૪. | જમીન |
| ૧૫. | વૃક્ષોની સંખ્યા અને કિંમત |
| ૧૬. | પશુધનની સંખ્યા અને કિંમત |
| ૧૭. | યંત્રો, ઓજારો, સંખ્યા અને કિંમત |

૧૮. વાસણો, સંખ્યા અને કિંમત
૧૯. ઘરવખરી, સંખ્યા અને કિંમત
૨૦. અસ્કયામત
૨૧. સ્રોતવાર આવક
૨૨. વપરાશી ખર્ચ
૨૩-૨૪-૨૫-૨૬. દેવું, હેતુવાર, વ્યાજનો દર, ભરપાઈની વિગત
૨૭. જમીન સંરક્ષણ યોજનાનો લાભ
૨૮. સિંચાઈ યોજનાનો લાભ
૨૯. કિટ્સ યોજનાનો લાભ
૩૦. દુધાળાં ઢોર અંગેની યોજનાનો લાભ
૩૧. મરઘાંઉછેર યોજનાનો લાભ
૩૨. શિક્ષણ યોજનાનો લાભ
૩૩. આરોગ્ય યોજનાનો લાભ
૩૪-૩૫. નવા ધંધા માટે સાધનોની જરૂરિયાત
૩૬. ઘરથાળના પ્લોટની જરૂરિયાત
૩૭. જમીન અંગેની જરૂરિયાત
૩૮. કિટ્સ અંગેની જરૂરિયાત
૩૯. ખેતીનાં સાધનોની જરૂરિયાત
૪૦. પિયતનાં સાધનોની જરૂરિયાત
૪૧. ફળઝાડ, શાકભાજી, વનીકરણની જરૂરિયાત
૪૨. પશુપાલનની જરૂરિયાત

# આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રનાં પ્રકાશનો

| પુસ્તકનું નામ | લેખક | કિંમત |
|---|---|---|
| ૧. આદિવાસીઓના પ્રશ્નો | સં. વિમલ શાહ | ૪.૦૦ |
| ૨. ભીલી-ગુજરાતી શબ્દાવલી | શાન્તિભાઈ આચાર્ય | ૧.૫૦ |
| ૩. ગુજરાતના આદિવાસીઓ | વિમલ શાહ | ૮.૦૦ |
| ૪. ગુજરાતના દૂબળાઓ<br>અનુ. પી. સી. શાહ | પી. જી. શાહ<br>સંક્ષેપ : બિન્દુબહેન શાહ | ૩.૫૦ |
| ૫. સમૂહશ્રાદ્ધ | વિમલ શાહ, રમેશ શ્રોફ, હકુ શાહ | ૧૦.૦૦ |
| ૬. ગુજરાતી-ભીલી વાતચીત | શાન્તિભાઈ આચાર્ય | ૨.૦૦ |
| ૭. ચોધરીઓ અને ચોધરી શબ્દાવલી | શાન્તિભાઈ આચાર્ય | ૮.૦૦ |
| ૮. गुजरात के आदिवासी | विमल शाह | ૮.૦૦ |
| ૯. Mogra Dev : Tribal Crocodile Gods | Eberhard Fischer<br>Haku Shah | 15–00 |
| ૧૦. Vetra Ne Khambha | Memorials For the Dead | 15–00 |
| ૧૧. દક્ષિણ ગુજરાતનું સાદું વાણા બાંધણીકાર્ય | ડૉ. એબરહાર્ડ ફિશર અને<br>હકુ શાહ | ૪.૦૦ |
| ૧૨. દૂબળાનાં લોકગીતો | ડૉ. ઠા. ભા. નાયક | ૪.૫૦ |
| ૧૩. પછાત વર્ગો વિશે બે મનનો<br>સહ. સંપા. સિદ્ધરાજ સોલંકી; | સંપા. ઠા. ભા. નાયક<br>સુરજીભાઈ સોલંકી | ૨૦.૦૦ |
| ૧૪. સગાઈનો અભ્યાસ : કેટલાક સુઝાવો | ડૉ. ઠા. ભા. નાયક | ૪.૫૦ |
| ૧૫. પશુપાલનનો સમાજમાનવ-શાસ્ત્રીય અભ્યાસ | ડૉ. સિદ્ધરાજ સોલંકી<br>અને અન્ય | ૧૮.૦૦ |
| ૧૬. સંથાલ આદિવાસીઓ | મૂળ લેખક : ચારુલાલ મુખરજી<br>અનુ. પુરુષોત્તમ શાહ | ૧૫.૦૦ |
| ૧૭. Block Level Planning for Full Employment | R. B. Lal,<br>Bharati Desai | 40–00 |
| ૧૮. ઘટક કક્ષાએ પૂર્ણ રોજગારી આયોજન : સાગબારા | આર. બી. લાલ;<br>ભારતીબહેન દેસાઈ | ૩૦.૦૦ |
| ૧૯. આદિવાસી લોકસંગીત<br>ગીતસંચય : વિમલ શાહ | સ્વરાંકન : રાવજીભાઈ પટેલ<br>અને અન્ય | ૯.૦૦ |
| ૨૦. બાળઉછેરનો સમાજમાનવ-શાસ્ત્રીય અભ્યાસ | ડૉ. સિદ્ધરાજ સોલંકી,<br>ડૉ. આશા સોલંકી | ૭.૦૦ |
| ૨૧. ગુજરાતના આદિવાસીઓની અર્થવ્યવસ્થા | મુસ્તાલી મસવી | ૩.૫૦ |
| ૨૨. The Saharias | Dr. T. B. Naik | 25–00 |